મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૧-૦૩-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૨૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

### સુધીર પટેલ નામનો યુવક એજન્ટ મારફતે નીકળ્યો હતો અમેરિકા જવા, પરિવારે ૭૫ લાખમાં ડીલ કરીને એજન્ટને આપ્યા હતાં ૧૦ લાખ

## અમેરિકાના મોહમાં મહેસાણાના પાટીદાર પરિવારે દીકરો ગુમાવ્યો, બે વર્ષથી કોઈ જ અત્તોપત્તો નથી : લાપતા યુવકની પરિવારજનો જોઈ રહ્યાં છે 'રાહ'

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ટ્રમ્પના શાસનમાં ગેરકાયદેસર ભારતીયોને અમેરિકામાંથી તગેડી મૂકવાનું અભિયાન મોટાપાયે ચાલી રહ્યું છે. અત્યાર સુધી ચાર ફ્લાઈટમાં અનેક ભારતીયોને ભારત ભેગા કરી દેવાયા છે. જેમાં પંજાબ અને ગુજરાતીઓની સંખ્યા વધારે છે. ગેરકાયદેસર રીતે પકડાયેલા ગુજરાતીઓ ગુજરાતમાં આવ્યા બાદ ક્યાંક ગાયબ થઈ ગયા છે. આટલું જોખમ છતાં હજી પણ અનેક ગુજરાતીઓ અમેરિકા જવા ઈચ્છે છે. ત્યારે ગેરકાયદેસર માઈગ્રન્ટસની કહાનીમાં મહેસાણાના યુવકની કહાની



વધુ દર્દનાક છે. મહેસાણાથી અમેરિકા જવા નીકળેલો મહેસાણાનો યુવક બે વર્ષથી લાપતા છે. પાટીદાર યુવકનો પરિવાર સાથે બે વર્ષથી કોઈ સંપર્ક નથી. પરિવારને આ યુવક ક્યાં છે, જીવિત છે કે નહિ તેની પણ ખબર નથી.

મહેસાણાથી અમેરિકા જવા નીકળેલ મહેસાણાનો સુધીર પટેલ નામનો પાટીદાર યુવક બે વર્ષથી લાપતા છે. સુધીર પટેલ નામનો હેડુઆ ગામનો યુવક બે વર્ષ પહેલા એજન્ટ મારફત અમેરિકા જવા નીકળ્યો હતો. બે વર્ષ પહેલા ઉત્તર ગુજરાતમાંથી કુલ ૯ વ્યક્તિ એજન્ટ મારફત અમેરિકા જવા નીકળ્યા હતા. એજન્ટ સાથે ૭૫ લાખમાં અમેરિકા લઈ જવાની ડીલ થઈ હતી. ડોમિનિકા રૂટથી ખેડૂત પુત્રને અમેરિકા મોકલવાનો વાયદો કર્યો હતો. પરંતુ તેમનો પુત્ર અમેરિકા પહોંચ્યો જ નથી. સુધીર પટેલ છેલ્લા બે વર્ષથી ગાયબ છે. પરિવાર સાથે તેનો કોઈ અત્તોપત્તો નથી.

તો બીજી તરફ, એજન્ટ પણ સુધીર પટેલની કોઈ માહિતી આપી નથી રહ્યાં. બે વર્ષથી લાપતા યુવકનો પરિવાર રાહ જોઈ રહ્યો છે કે, તેમનો દીકરો પરત આવી જાય. અમેરિકાથી ડિપોર્ટ થયા દરેક લિસ્ટમાં પરિવાર તપાસ કરે છે કે, ક્યાંક તેમનો પુત્ર તો તેમાં નથી ને. પરિવારે સરકાર અને દિલ્હી એમ્બેસીમાં પણ રજુઆત કરી છે. એજન્ટ વિરુદ્ધ ફરિયાદ બાદ ૨ વર્ષથી કેસ ચાલી રહ્યો છે.

એજન્ટે પરિવાર પાસેથી એડવાન્સમાં ૧૦ લાખ પડાવ્યા હતા. યુવકના પરિવારે જમીન વેચી એજન્ટને ૧૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ગેરકાયદેસર ભારતીયોએ અમેરિકાથી તગેડી મૂકવામાં આવ્યા છે. જેઓની હાલત કફોડી બનવા પામી છે. અધ વચ્ચે જ કયાંક ફસાઈ ગયા હોવાની પણ ઘટનાઓ પ્રકાશમાં આવી છે.

**એજન્ટે પરિવાર પાસેથી એડવાન્સમાં ૧૦ લાખ પડાવ્યા હતા**

**તો બીજી તરફ, એજન્ટ પણ સુધીર પટેલની કોઈ માહિતી આપી નથી રહ્યાં. બે વર્ષથી લાપતા યુવકનો પરિવાર રાહ જોઈ રહ્યો છે કે, તેમનો દીકરો પરત આવી જાય. અમેરિકાથી ડિપોર્ટ થયા દરેક લિસ્ટમાં પરિવાર તપાસ કરે છે કે, ક્યાંક તેમનો પુત્ર તો તેમાં નથી ને. પરિવારે સરકાર અને દિલ્હી એમ્બેસીમાં પણ રજુઆત કરી છે. એજન્ટ વિરુદ્ધ ફરિયાદ બાદ ૨ વર્ષથી કેસ ચાલી રહ્યો છે. એજન્ટે પરિવાર પાસેથી એડવાન્સમાં ૧૦ લાખ પડાવ્યા હતા. યુવકના પરિવારે જમીન વેચી એજન્ટને ૧૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.**

### વિજાપુરના દેવડા ગામે બાતમી આધારે રોયલ્ટી ઈન્સપેક્ટર અને ટીમના દરોડા

## મહેસાણા જિલ્લા ખાણ ખનિજ વિભાગે ગેરકાયદેસર ખોદકામ કરનાર જેસીબી અને ડમ્પર ઝબ્બે કર્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા જિલ્લામાં ખનિજચોરી અટકાવવા માટે સ્થાનિક ભૂસ્તર અધિકારીઓની ટીમ સતત પેટ્રોલિંગ કરી રહી છે. આજે વિજાપુર તાલુકાના દેવડા ગામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મહેસાણા જિલ્લા ખાણ ખનિજ અધિકારીને બાતમી મળી હતી કે દેવડા ગામની ખાનગી જમીનમાં રોયલ્ટી પરમીટ વગર ગેરકાયદે ખોદકામ થઈ રહ્યું છે. આ માહિતીના આધારે રોયલ્ટી ઈન્સ્પેક્ટર અને તેમની ટીમે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડ્યો હતો.



ટીમે સ્થળ પરથી રૂ. ૪૦ લાખની કિંમતનું જેસીબી મશીન અને રૂ. ૨૦ લાખની કિંમતનું એક ડમ્પર જપ્ત કર્યું છે. કુલ રૂ. ૬૦ લાખની માલમત્તા કબજે લેવામાં આવી છે. વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વિજાપુર પંથક ખનિજ ચોરી માટે કુખ્યાત છે. ભાણપુર ચેકપોસ્ટ પરથી વારંવાર ગેરકાયદે ખનિજ વહન કરતાં વાહનો પકડાય છે. આજની કાર્યવાહીમાં ખાનગી જમીનમાંથી માટી ખોદકામ કરતાં જેસીબી અને ખનિજ ભરવા આવેલા ડમ્પરને ભૂસ્તર ટીમે ઝડપી લીધાં છે.

### તા.પં. પ્રમુખ નિલેશ પટેલે વાહન વ્યવહાર મંત્રીને રજૂઆત કરી હતી

## વિસનગરથી ઉપેરા ગામની ત્રણ બસો શરૂ કરાતાં ગ્રામજનોમાં ખુશી પ્રસરી



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

વિસનગર ડેપોમાંથી ઊંઝા તાલુકાના ઉપેરા ગામ સુધી ચાલતી ત્રણ બસોના રૂટ બંધ થવાથી વિદ્યાર્થીઓ અને સ્થાનિક મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

આ મુદ્દે ઊંઝા તાલુકા પંચાયત પ્રમુખ નિલેશભાઈ પટેલે વાહન વ્યવહાર મંત્રીને લેખિત રજૂઆત કરી હતી. જેને ધ્યાને લઈને વિસનગર-ઉપેરા-મછાવા રૂટની ત્રણ બસો સવારે ૯:૦૦ કલાકે, બપોરે ૪:૦૦ કલાકે અને રાત્રે ૭:૪૫ કલાકે વિસનગરથી ઉપડતી હતી. આ બસો છેલ્લા કેટલાક સમયથી બંધ હતી.

ઉપેરા ગામ ઊંઝા તાલુકાનું છેવાડાનું અને અંતરિયાળ ગામ હોવાથી અન્ય વાહન વ્યવહારની સુવિધા ઉપલબ્ધ ન હતી.

### પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને કાર્યવાહી હાથ ધરી

## વિસનગરના કમાણા ગામે ઘાસચારાની ચોરીના આક્ષેપને લઈને પિતા-પુત્રને ત્રણ ઈસમોનો હુમલો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

વિસનગર તાલુકાના કમાણા ગામે ઘાસચારાની ચોરીના આક્ષેપને લઈને હિંસક ઘટના સામે આવી છે. સોવનજી ઠાકોર સાંજના સમયે ડેરીમાં દૂધ ભરાવીને ઘરે પરત ફરી રહ્યા હતા. તેમણે વાડામાં જોયું કે તેમના કાકાનો દીકરો અલ્કેશ ઠાકોર ઘાસચારાના ઢગલા પાસે ઊભો હતો.

સોવનજીને છેલ્લા કેટલાક દિવસથી તેમના ઘાસચારાના ઢગલામાંથી ચોરી થતી હોવાની શંકા હતી. તેમણે અલ્કેશને પૂછ્યું કે તે ઘાસચારો લઈ જાય છે કે નહીં. આ વાતથી અલ્કેશ ગુસ્સે થઈ ગયો અને અપશબ્દો બોલવા લાગ્યો. સોવનજીએ તેને અપશબ્દો ન બોલવા કહ્યું, પરંતુ અલ્કેશે તેમના પર હુમલો



કરી દીધો.

આ દરમિયાન સરતાનજી તરસંગજી અને જુગાજી સરતાનજી નામના બે વ્યક્તિઓ પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓએ પણ સોવનજી પર હુમલો કર્યો. બૂમાબૂમ સાંભળીને સોવનજીના માતા મંગુબેન ત્યાં દોડી આવ્યા. સોવનજી ઘર તરફ ભાગવા લાગ્યા ત્યારે આ ત્રણેય શખ્સોએ તેમના પિતા ગાંડાજી તરસંગજી પર પણ હુમલો કર્યો.

આરોપીઓએ પિતા-પુત્ર બંનેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટના અંગે સોવનજીએ વિસનગર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

### ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસની આવક વધી : એરંડા-રાયડાનું વેચાણ

## કપાસમાં પોષણક્ષમ ભાવો મળતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

ઊંઝા નજીક આવેલા ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસની આવક વધી રહી છે. માર્કેટયાર્ડમાં દરરોજ કપાસની ૮ ગાડી આવક નોંધાઈ રહી છે. કપાસના મણના સરેરાશ ભાવ રૂ. ૧૪૦૦ સુધી પહોંચ્યા છે. માર્કેટયાર્ડમાં યોજાયેલી હરાજીમાં કપાસનો ઊંચામાં ઊંચો ભાવ રૂ. ૧૪૯૯ અને નીચામાં નીચો ભાવ રૂ. ૧૧૦૦ નોંધાયો છે. પોષણક્ષમ ભાવો મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

એરંડાની આવક પણ નોંધપાત્ર રહી છે. મહેસાણા જિલ્લામાંથી આવતા એરંડાની દૈનિક ૨૭૬ બોરી આવક થઈ છે. એરંડાના મણના ભાવ રૂ. ૧૨૭૦થી રૂ.૧૨૮૫ સુધી રહ્યા છે. રાયડાની પણ સારી આવક જોવા મળી છે. રાયડાની દૈનિક ૧૨૬૬ બોરી આવક નોંધાઈ છે. રાયડાના મણના ભાવ રૂ. ૧૦૦૦થી રૂ. ૧૧૮૫ સુધી રહ્યા છે. આમ, માર્કેટયાર્ડમાં કપાસ ઉપરાંત એરંડા અને રાયડાનું પણ સારું વેચાણ થઈ રહ્યું છે.

### ગણેશપુરાના લોકોના માથે આવી પડેલું વિઘ્ન દૂર કરવા માગણી બુલંદ બની

## વિસનગર રેલ્વે ઓવરબ્રિજના કામથી ભારે વાહનો ગણેશપુરામાંથી પસાર થતાં ગ્રામજનોને હાલાકી

**ઓવરલોડ માલ ભરેલા ભારે વાહનો પસાર થતાં રસ્તા દબાયા, પીવાના પાણી-ગટરની લાઈનો પણ તૂટી ગઈ | રેલ્વે અંડર પાસમાં ખેતરમાંથી રેસો કરી આવતું પાણી બારેમાસ ભરાઈ રહેતાં વાહન ચાલકોને તકલીફ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા નજીકના કંસારા કૂઈથી ગણેશપુરા (પુ)ના માર્ગે ઓવરલોડ માલ ભરીને પસાર થતા ભારે વાહનોથી ગણેશપુરાના ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વિસનગરમાં રેલ્વે ઓવરબ્રિજનું કામ ચાલુ હોવાથી આ માર્ગે બે વર્ષ બંધ રહેશે તેવું જાહેરનામું અપાયું છે. એને લઈને મહેસાણાથી વિસનગર તરફ જતા ભારે વાહનો ગણેશપુરાના માર્ગેથી દોડાવવામાં આવી રહ્યા છે. જેથી ગામમાંથી પસાર થતો જાહેર માર્ગ દબાઈ જતા ઠેર ઠેર ખાડા પડી ગયા છે.

બીજી તરફ જમીનમાં ધરબાયેલી પીવાના પાણી અને



ગટરની લાઈનો ભારે વાહનોના પસાર થવાથી છાશવારે તૂટી જતા ગ્રામજનોના માથે સમસ્યાનું વિઘ્ન આવી જતા ગ્રામજનો તે સંકટ દૂર કરવા માટે પ્રશાસન તેમજ રાજકીય અગ્રણીઓને રજૂઆત કરી છે. પરંતુ તેમની કોઈ રજૂઆત ધ્યાને નહીં લેવાતા હવે અહીંના યુવાનો સમસ્યા દૂર કરવા માગણી બુલંદ કરી છે.

ગણેશપુરાથી કાંસા જતાં માર્ગે થોડા મહિના પહેલાં જ બનાવેલા રેલવે અંડર પાસમાં બારેમાસ પાણી ભરાઈ રહેતા ગ્રામજનો તેમજ અન્ય વાહન ચાલકોને ભાડે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જે તમામ સમસ્યાઓનું નિવારણ લાવવા માટે ગ્રામજનોએ લગત કચેરીઓમાં લેખિત રજૂઆત કરેલી છે. પરંતુ કોઈ જ પરિણામ નહીં મળતા હવે અહીંના યુવાનો કોઈ આશ્ચર્યજનક કાર્યક્રમ આપે તેવી સંભાવનાઓ જોવાઈ રહી છે. જેથી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ગણેશપુરા ગામમાંથી ઓવરલોડ માલ સામાન ભરીને પસાર થતાં ભારે વાહનો ઉપર રોક લગાવવી જરૂરી બન્યું છે.

### સ્કૂલમાં આવતા બાળકોને રોજ આ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે

## વિસનગર શહેરમાં સોપાન રેસીડેન્સી પાસે 'ગટર તારા વહેતા ગંદા પાણી'



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

વિસનગર શહેરમાં શિરડીનગર સોસાયટી નજીક આવેલી લોર્ડ્સ ઈન્ટરનેશનલ સ્કૂલના માર્ગ પર ગંભીર સમસ્યા સર્જાઈ છે. સોપાન રેસીડેન્સીના ગેટ આગળ લાંબા સમયથી ગટર ઉભરાવાની સમસ્યા સતત જોવા મળી રહી છે.ગટરના ગંદા પાણીથી રોડ પર જ ભરાવો થાય છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ માર્ગનો ઉપયોગ કરે છે. શિરડીનગર, સોપાન રેસીડેન્સી અને બાવરીનગર વિસ્તારમાં જતા લોકોને તેમજ સ્કૂલમાં આવતા બાળકોને રોજ આ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે.

ગટરના પાણીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. આ પરિસ્થિતિમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત પણ સેવાઈ રહી છે. શાળા સંચાલકોએ કાંસા એન.એ. ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆતો કરી છે. પરંતુ પંચાયત દ્વારા આ સમસ્યા પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. વિદ્યાર્થીઓ અને વાલીઓની પરેશાની વધતા શાળા સંચાલકોએ ફરી એકવાર પંચાયતમાં રજૂઆત કરી છે. સત્વરે આ સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ કરવામાં આવી છે.




# ‘આપ’નાં પાપ

દિલ્હીમાં ભાજપની સરકાર બનતાં જ કેજરીવાલ સરકારે અત્યાર સુધી દબાવી રાખેલો કેગનો રિપોર્ટ વિધાનસભામાં રજૂ કર્યો છે. કેજરીવાલ સરકારની શરાબ નીતિ પર કેગ (નિયંત્રક અને મહાલેખા પરીક્ષક)નો રિપોર્ટ આમ આદમી પાર્ટીને કઠેરામાં ઊભો કરનારો જ નહીં, બલ્કે તેને બેનકાબ કરી નાખનારો પણ છે. કેગના આ રિપોર્ટ અનુસાર મનમાફક રીતે બનાવેલી શરાબ નીતિથી ૨૦૦૨ કરોડ રૂપિયાથી વધારેના રાજસ્વનું નુક્સાન થયું. કેગે માત્ર એટલું જ નથી કહ્યું કે શરાબ નીતિને મનમાફક રીતે તૈયાર કરવામાં આવી અને અમલમાં મૂકી દેવામાં આવી, બલ્કે એના પર પણ પ્રકાશ પાડ્યો છે કે કઈ રીતે નિયમોનું ઉલ્લંઘન કરીને કેટલાક લોકોને અયોગ્ય લાભ પહોંચાડવામાં આવ્યો અને તેને કારણે ક્યાં કેટલું નુક્સાન થયું. કેગનો રિપોર્ટ એક રીતે એ બહુચર્ચિત શરાબ કૌભાંડની પુષ્ટિ કરી રહ્યો છે, જેમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને જેલમાં જવું પડ્યું હતું. કેજરીવાલ આણિ મંડળીએ આ કૌભાંડને છૂપાવવાના લાખ પ્રયત્નો કર્યા, તેની જાણ એના પરથી થાય છે કે કેગે શરાબ નીતિ પર પતોાનો રિપોર્ટ માર્ચ ૨૦૨૪માં જ સોંપી દીધો હતો, પરંતુ તેને વિધાનસભામાં રજૂ કરવાનો ઈનકાર કરવામાં આવ્યો. કોઈપણ સમજી શકે છે કે કટ્ટર ઈમાનદાર કેજરીવાલે આવું કેમ કર્યું હશે? સમસ્યા માત્ર એ નથી કે શરાબ નીતિ પર કેગના રિપોર્ટને વિધાનસભામાં રજૂ જ ન કરાયો, બલ્કે એ પણ છે કે અન્ય કેસોમાં પણ તેના રિપોર્ટો દબાવી દેવામાં આવ્યા.

કેગના એક નહીં, કુલ ૧૪ રિપોર્ટ છે, જેને વિધાનસભામાં રજૂ કરવામાં આનાકાની કરવામાં આવી. તેમાંથી એક રિપોર્ટ કોવિડ કાળમાં મુખ્યમંત્રી આવાસ જે હાલમાં ‘શીશમહેલ’ તરીકે વધુ પ્રખ્યાત છે, તેની વિલાસિતાપૂર્ણ સાજસજ્જામાં સરકારી નાણાંના ભારે વેડફાટનો પણ છે. આ બધાથી એક જ ચીજ સાબિત થાય છે કે આમ આદમી પાર્ટીએ નવા પ્રકારની રાજનીતિ કરવા, ખુદને કટ્ટર ઈમાનદાર દેખાડવા અને સુશાસનના ઉચ્ચ માપદંડ સ્થાપિત કરવાની જે મોટી મોટી વાતો કરી હતી અને જેનાથી શરૂઆતમાં લોકો અંજાઈ ગયા હતા, તે નિતાંત પોકળ હતી. હવે એ વધુ આસાનીથી સમજ શકાય છે કે છેલ્લા બે દિવસથી દિલ્હી વિધાનસભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યો શું કામ હોબાળો મચાવી રહ્યા છે. કારણ કે આ હોબાળો સાવ ક્ષુલ્લક કારણોસર મચાવાઈ રહ્યો છે, તેથી એ અનુમાન લગાવવું મુશ્કેલ નથ કે તેનો એકમાત્ર ઉદ્દેશ્ય જનતાનું ધ્યાન આ રિપોર્ટ પરથી ભટકાવવાનું છે, પરંતુ હવે એવી પેંતરાબાજી ચાલવાની નથી. આમ આદમી પાર્ટી દ્વારા જે આરોપ લગાવવામાં આવ્યો કે મુખ્યમંત્રી કાર્યાલયમાંથી આંબેડકર અને ભગતસિંહના ફોટો હટાવીને તેમનું અપમાન કરવામાં આવ્યું તે સદંતર ખોટો સાબિત થયો, જનતાને એ પણ યાદ આવી ગયું કે એ અરવિંદ કેજરીવાલ જ હતા, જેમણે ખુદને બંધારણપ્રેમી અને ક્રાંતિકારી સાબિત કરવા માટે મુખ્યમંત્રી કાર્યાલયમાંથી મહાત્મા ગાંધીનો ફોટો હટાવી દીધો હતો. શું આંબેડકરનું નામ લઈને પોતાને બંધારણના રક્ષક ગણાવનારા કેગના રિપોર્ટો દબાવી રાખવાને પણ બંધારણસંમત ગણતા હશે?

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ગુજરાતની ૭ પીડિતાઓને એક જ દિવસે ન્યાય મળ્યો, ૭ બળાત્કારીઓને આજીવન કેદની સજા ફટાકારાઈ

અમદાવાદ,તા.૨૮

રાજ્યમાં મહિલાઓ અને બાળકો પર અત્યાચાર, શોષણ અને દુષ્કર્મના બનાવો પર સદંતર અંકુશ લાવવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સુચના છે, ત્યારે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ પ્રકારના ગુનાઓમાં પિડીતા સાથે વિશેષ સંવેદના અને કાળજી રાખીને આરોપીઓને કડકમાં કડક સજા થાય તેવા ઠોસ પુરાવાઓ સાથે મજબૂત કેસ બનાવવા ગુજરાત પોલીસને આદેશ કર્યા છે. ગુજરાત પોલીસ તે જ દિશામાં મક્કમતાથી આગળ વધી રહી છે તેનું પરિણામ આરોપીઓને મળી રહેલી કડક સજાના ચુકાદાઓમાં જોઈ શકાય છે. એક જ દિવસે તા.૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ પોક્સો કેસમાં અમરેલી, વડોદરા અને રાજકોટ જિલ્લામાં નામદાર કોર્ટે સાત મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે. જેમાં સાતેય બળાત્કારીઓને આજીવન કેદની સજા ફટકારતા અમરેલી, વડોદરા અને રાજકોટની સાત અલગ-અલગ પીડિતાઓને ન્યાય મળ્યો છે.

અમરેલી, વડોદરા અને રાજકોટ શહેર અને રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા સગીરા પર દુષ્કર્મ-પોક્સોના જુદા-જુદા ગંભીર કેસોમાં કરવામાં આવેલી બારીક તપાસ, એકત્ર કરેલા ટેકનિકલ સહિતના પુરાવા, સરકારી વકીલની અસરકારક દલીલો અને એફએસએલ રિપોર્ટના આધારે સાત જુદા-જુદા પોક્સોના બનાવોમાં સાતેય આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. જેમાં અમરેલીના બે કેસોમાં આરોપી પકડ્યાના માત્ર ૧૭ દિવસમાં ચાર્જશીટ અને ત્રીજા કેસમાં પોલીસે તે જ દિવસે આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે રાજકોટ શહેરમાં રેપ વિથ મર્ડર કેસમાં પોલીસે ૪૦ દિવસમાં જ ચાર્જશીટ કરી હતી. બીજી તરફ રાજકોટ ગ્રામ્ય પોલીસે પાટણવાવ કેસમાં બનાવના દિવસે જ આરોપી પકડ્યો અને ભાયાવદર કેસમાં ૭ દિવસમાં ચાર્જશીટ કરી હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અમરેલી, વડોદરા અને રાજકોટ જિલ્લાના આ સાતેય કેસમાં તપાસ કરનાર પોલીસ ટીમના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવતા કહ્યુ છે કે, પીડિતાઓને ન્યાય અપાવવા રાજ્ય સરકાર દ્વારા આવા ગુનાઓ વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી થતી રહેશે. નોંધનિય બાબત છે કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પોક્સો કેસમાં ૩ વર્ષમાં નામદાર કોર્ટે ૯૪૭ ચુકાદાઓમાં કડક કેદની સજા કરી છે. તે પૈકી ૫૭૪ આજીવન કેદ અને ૧૧ને ફાંસીની સજા કરી છે.

### તપાસમા હેરાનગતિ નહિં કરવા લાંચ માંગી હતી

# ભ્રષ્ટાચારનો ભોરિંગ : પોલીસ ASI રૂપિયા બે લાખની લાંચ લેતા રંગે હાથ પકડાયા

ગાંધીનગર,તા.૨૮

સરકારી વિભાગો ભ્રષ્ટાચાર મુકત હોવાના વખતો વખત દાવા વચ્ચે આજે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. બે લાખની લાંચ લેતા પોલીસ તંત્રના એએસઆઈને રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા.

પાલનપુરના મહિલા ડેપ્યુટી કલેકટર તથા જુનાગઢનાં માર્ગ-મકાન વિભાગનો કર્મચારી લાંચ લેતા ઝડપાયાના ચોવીસ કલાક



બાદ હવે ગાંધીનગરનો એએસઆઈ અશોક બેચરભાઈ ચૌધરી બે લાખની લાંચ લેતા ઝડપાયો હતો.

ગાંધીનગર સેકટર ૭ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ અશોક ચૌધરીએ નાણાંકીય ગેરરીતિનાં કેસમાં હેરાનગતિ ન કરવા બે લાખની લાંચ માંગી હતી.

આ મામલે ફરિયાદીએ લાંચ રૂશ્વત વિભાગનું ધ્યાન દોરતા છટકુ ગોઠવવામાં આવ્યું હતુ. ફરીયાદી-આરોપી વચ્ચે હેતુલક્ષી વાતચીતનાં આધારે તેને રંગે હાથ ઝડપી લેવાયો હતો.

### અગાઉના ચૂકાદા છતા પણ બિનજરૂરી અરજીઓ કરી હતી

# રિડેવલપમેન્ટ પ્રોજેકટમાં થોડા સભ્યોના વિરોધ સામે હાઈકોર્ટનું આકરૂ વલણ: દંડ ફટકાર્યો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

ગુજરાતમાં ત્રણ થી ચાર દશકા જૂની ઈમારતોના રીડેવલપમેન્ટ માટેની પ્રક્રિયા અંગે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં સોસાયટીના રીડેવલપમેન્ટમાં કાનુની મુદાઓ પર વિધાનો ઉભા કરનાર સામે આકરી ટીકા સાથે તેઓની કધટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી ફગાવીને આકરો દંડ કર્યો હતો.

રીડેવલપમેન્ટમાં ફકત થોડા સભ્યો દ્વારા સમગ્ર પ્રક્રિયામાં કોઈને કોઈ વિધાન ઉભા કરીને બહુમતી સભ્યોના હિતોને જે રીતે રોકવા માટે જે પ્રયાસો થયા છે. તે સંદર્ભમાં આ ચૂકાદો અત્યંત મહત્વનો બની જાય છે.



આ પ્રકારના પ્રોજેકટમાં સમય જ સૌથી મહત્વનો હોય છે અને તેમાં વિલંબથી સમગ્ર પ્રોજેકટ ખર્ચ વધી જાય છે અને કાનુની પ્રક્રિયા પણ વધે છે. થોડા લઘુમતીમાં રહેલા સભ્યોની આ પ્રકારની પ્રવૃતિ સ્વીકાર્ય બને નહી તેવું જણાવીને હાઈકોર્ટે આ અરજી કરનાર અમદાવાદની જોધપુર સ્થિત વિવેકાનંદ વગર સોસાયટીના રહીશોમાં જેઓ વિરોધ કરતા હતા.

હાઈકોર્ટ પહોંચ્યા હતા તેમને દરેકને રૂા.૧૦-૧૦ હજારનો દંડ કર્યો હતો અને તે રકમ બે સપ્તાહમાં રાજય કાનુની સેવા સતામંડળમાં જમા કરાવવા આદેશ આપ્યો હતો.

હાઈકોર્ટની ખંડપીઠે તા.૨૩-૧-૨૩ના સિંગલ જજના આદેશને બહાર રાખ્યો હતો અને રીડેવલપમેન્ટને લીલીઝંડી આપી હતી.

પણ ફકત આ રીડેવલપમેન્ટની પ્રક્રિયા અટકાવવા જ થોડા રહીશો એક બાદ એક કાનૂની અરજીઓ ઉભા કરતા રહ્યા હતા અને જૂનો ઓર્ડર રદ કરવા માંગણી કરી હતી.

### રાજયના વન્ય પ્રાણીઓ અંગે રસપ્રદ માહિતી

# ગુજરાતમાં સિંહ - દિપડા - કાળીયાર - ચિંકારા - વરૂ - ઘુડખર - વાંદરા સહિત ૫.૩૫ લાખ પ્રજાતિ

**ભારતમાં એકમાત્ર સિંહ અને ઘુડખર ગુજરાતમાં : રાજયના દરિયામાં ૬૮૦ ડોલ્ફિન; ૩૦૦થી વધુ સર્પોનું સંવર્ધન થાય છે**

**૨ લાખથી વધુ વાંદરા અને ૨.૬૫ લાખ જેટલી નીલગાયની વસ્તી, શિયાળ - લોંકડી સહિતના પ્રાણીઓ પણ વસે છે**

ગાંધીનગર, તા.૨૮

વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલના માર્ગદર્શનમાં વન વિભાગ સહિત વિવિધ પ્રાણીપ્રેમી સંસ્થાઓ દ્વારા પ્રાણી સંવર્ધન અને સંરક્ષણની પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. જેના પરિણામ સ્વરૂપ રાજ્યમાં છેલ્લે વર્ષ ૨૦૨૦માં થયેલી વન્યજીવ વસ્તી ગણતરી મુજબ એશિયાઈ સિંહની સંખ્યા ૬૭૪થી વધુ, જ્યારે વસ્તી અંદાજ - ગણતરી વર્ષ ૨૦૨૩ મુજબ નીલગાય ૨.૨૪ લાખથી વધુ, વાંદરા બે લાખથી વધુ તેમજ જંગલી સુવર અને ચિત્તલ એક લાખથી વધુ જોવા મળ્યા હતા.

આ ઉપરાંત ૯,૧૭૦ કાળીયાર, ૮,૨૨૧ સાંભર, ૬,૨૦૮ ચિંકારા, ૨,૨૯૯ શિયાળ, ૨,૨૭૪ દિપડા, ૨,૨૭૨ લોંકડી, ૧,૪૮૪ વણીયર, ૧,૦૦૦થી વધુ ચોશીંગા તેમજ ૨૨૨ વરૂ રાજ્યમાં નોંધાયા છે. ઉપરાંત ગત વર્ષ ૨૦૨૪માં યોજાયેલી ગણતરી મુજબ ૭,૬૭૨ જેટલા ઘુડખર, ભારતીય કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ અને સો-સ્કેલ્ડ વાયપર જેવા ૩૦૦થી વધારે ઝેરી સર્પો અને ૬૮૦ જેટલી ડોલ્ફિન સહિત ગુજરાતમાં કુલ ૫.૬૫ લાખથી વધુ પ્રાણીઓ નોંધાયા છે. જે સમગ્ર રાજ્ય માટે વન્યજીવ પ્રાણી સંરક્ષણ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ છે.

દેશમાં એક માત્ર ગુજરાતમાં જોવા મળતા ઘુડખર એ રાજયનું ગૌરવ છે. ગુજરાત સરકારના અવિરત પ્રયાસ તેમજ વિવિધ જાગૃતતા અભિયાનોના પરિણામે રાજ્યમાં ૭,૬૭૨ જેટલી ઘુડખરની વસ્તીમાં નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો થયો છે.

ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬



જિલ્લાઓમાં જોવા મળે છે, જેમાં ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ગુજરાતમાં છેલ્લી ગણતરી મુજબ ૭,૬૭૨ જેટલા ઘુડખર નોંધાયા છે.

ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે ‘ડોલ્ફિન’. તાજેતરમાં ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં ડોલ્ફિનની વસ્તી ગણતરી કરવામાં આવી હતી.

જળચર - વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો. કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે. સ્વસ્થ ઈકોસિસ્ટમ માટે ડોલ્ફિન ખુબ જ મહત્વનું જળચર પ્રાણી છે. જે સમુદ્રી ઈકોસિસ્ટમમાં સંતુલન સુનિશ્ચિત કરવામાં પણ મદદ કરે છે. ગુજરાતના દરિયા કિનારે જોવા મળતી ડોલ્ફિન દેશ - વિદેશના પ્રવાસીઓ માટે નવું આકર્ષણ કેન્દ્ર બની છે.કેન્દ્ર સરકાર દ્વારા કચ્છના બન્ની વિસ્તારમાં ‘ચિત્તા કન્ઝર્વેશન બ્રિડીંગ સેન્ટર’ પણ તૈયાર કરવા મંજૂરી મળી છે, જેનું કામ હાલ પ્રગતિમાં છે. જે ભવિષ્યમાં ચિત્તાના સંરક્ષણ અને સંવર્ધન માટે અગત્યનો ભાગ ભજવશે.

આ ઉપરાંત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશ - WHO ની માર્ગદર્શિકા મુજબ રાજ્યમાં વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે સૌપ્રથમ સર્પ સંશોધન સંસ્થાનની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં સર્પદંશને લગતા સંશોધન, નિવારણ, નિદાન, સારવાર, પુનર્વસન તેમજ ગુજરાત અને પડોશી રાજ્યોના મેડિકલ અધિકારીઓને સર્પદંશના ઉપચાર તથા વ્યવસ્થાપન અંગે તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે. આ સર્પ સંશોધન સંસ્થાનમાં હાલમાં લગભગ ૩૦૦થી વધારે ઝેરી સાપ રખાયા છે, જેની સંખ્યા ભવિષ્યમાં ૩,૦૦૦ સુધી લઈ જવામાં આવશે.

અહીં WHO ની માર્ગદર્શિકા અનુસાર સાપમાંથી વેનમ કલેક્શનની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. ધરમપુર ખાતેના આ સર્પ સંશોધન સંસ્થાનમાં મુખ્ય ચાર ઝેરી સાપોને રાખવામાં આવે છે. જેમાં ભારતીય કોબ્રા, કોમન ક્રેટ, રસેલ્સ વાયપર અને સો-સ્કેલ્ડ વાયપરનો સમાવેશ થાય છે, એમ વન વિભાગની યાદીમાં જણાવાયું છે.

## ગુજરાતમાં વધતી ગરમી, દરિયાકાંઠે ભેજનું પ્રમાણ વધ્યું, બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં આ સમયે ગરમી વધી રહી છે અને ઠંડી ઓછી થઈ રહી છે. આ સાથે, દરિયાકાંઠાના વિસ્તારમાં ભેજને કારણે, બફારાનું પ્રમાણ પણ વધ્યું છે, રાજ્યના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારમાં યલો એલર્ટ જારી કર્યું છે.

સાવચેતીના પગલા તરીકે, ૫૦ કિમીના આંતરિક વિસ્તારમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વ અને પૂર્વ દિશાઓથી પવન ફૂંકાઈ રહ્યા છે. જમીનની સપાટી પરથી આવતા આ પવનો સામાન્ય રીતે ગરમ હોય છે, જેના કારણે રાજ્યમાં બફારાનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે અને આગામી બે દિવસમાં તાપમાન ૩૮ ડિગ્રી સુધી પહોંચી શકે છે તેવો અંદાજ છે. આગામી ૨૪ કલાક સુધી તાપમાન સમાન રહેશે. ત્યારબાદ, બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાની શક્યતા છે. તે જ સમયે, રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે અને મહત્તમ તાપમાન સામાન્ય નોંધાયું છે.

આગામી એક અઠવાડિયા સુધી રાજ્યભરમાં હવામાન શુષ્ક રહેવાની ધારણા છે અને તાપમાનમાં પણ ધીમે ધીમે વધારો થવાની શક્યતા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

**વૃષભ:** આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે. કામ-ધંધાનો લાભ મળશે તે આશાસ્પદ રહેશે, છતાં સંતોષ થશે નહીં.

**મિથુન:** આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. આવક વધારવા અને આવકના ્રોતને મજબૂત બનાવવાનું કામ કરશો.

**કર્ક:** તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે. તમારા પરિવારની સાથે સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સલામતી સાથે ગીચ સ્થળોએ જાઓ.

**સિંહ:** આ દિવસે મન કામમાં અડચણ હોવાને કારણે અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરુ કામ પૂર્ણ કરવું જોઈએ. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

**કન્યા:** પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે. નોકરી કરનારાઓને નવી તકો મળશે. મિત્રો સાથે કપડાં અથવા અન્ય મહત્વની બાબતોમાં ખર્ચ થશે.

**તુલા:** આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે. આર્થિક બાબતોમાં કાળજી લો અને કોઈને ઉધાર આપવાનું ટાળો. દૈનિક કાર્યોમાં થોડો વિલંબ થશે પરંતુ તે પૂર્ણ થશે.

**વૃશ્ચિક:** આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો, તેમ છતાં અન્ય લોકો કરતા વધુ ઝડપી રહેશો. વિદ્યાર્થીઓને અપ્રિય સમાચાર સાંભળવા મળી શકે છે.

**ધન:** આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે. આજે તમને ઓફિસની કામગીરી અને ધંધામાં સુધારો કરવાની ઘણી તક મળશે પરંતુ તે ગુમાવશો નહીં.

**મકર:** આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે. બાળકોની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે અને તમારો ભાર પણ ઓછો થશે.

**કુંભ:** લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ. કોઈ બાબતે બોસ સાથે મીટિંગ થઈ શકે છે

**મીન:** આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે. તમારા બધા મહત્વપૂર્ણ અને મહત્વપૂર્ણ દસ્તાવેજો સુરક્ષિત રાખો. બપોર પછી તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. ઘરના વાતાવરણમાં નાની-મોટી મુશ્કેલીઓ સિવાય બધું ઠીક રહેશે.



## ફિલ્મી ગપશપ

# મને મારો ધર્મ બદલવાની જરૂર નથી, અભિનેત્રી સોનાક્ષી સિંહા



નવીદિલ્હી,તા.૨૮

સોનાક્ષી સિંહા બોલિવૂડની ટોચની અભિનેત્રીઓમાંની એક છે, જે તેના બહુમુખી અભિનય અને વ્યક્તિત્વ માટે જાણીતી છે. દબંગ, રાઉડી રાઠોડ અને સન ઓફ સરદાર જેવી ફિલ્મોમાં કામ કરી ચૂકેલી અભિનેત્રી સોનાક્ષી સિંહાએ ૨૩ જૂન ૨૦૨૪ ના રોજ અભિનેતા ઝહીર ઈકબાલ સાથે લગ્ન કર્યા, જે ચાહકોમાં ચર્ચાનો વિષય બન્યો. પરંતુ હવે હોટરફલાયને આપેલા એક ઈન્ટરવ્યુમાં, સોનાક્ષી સિંહાએ ઝહીર ઈકબાલ સાથેના તેના સંબંધોમાં ધર્મ વિશે વાત કરી અને કહ્યું કે તેઓએ ક્યારેય ધર્મ વિશે વાત કરી છે.

સોનાક્ષી સિંહાએ કહ્યું, ‘અમે ધર્મ વિશે વિચારતા નહોતા. અહીં બે લોકો છે જે એકબીજાને પ્રેમ કરે છે અને લગ્ન કરવા માંગે છે અને લગ્ન કરી રહ્યા છે. તે મારા પર પોતાનો ધર્મ લાદી રહ્યો નથી. હું મારા ધર્મ તેના પર લાદી રહી નથી. અમે ક્યારેય ધર્મ વિશે વાત કરી નથી. અમે બેસીને વાત કરતા નથી.’

તેણી આગળ કહે છે, ‘તેઓ તેમના ઘરમાં ચોક્કસ પરંપરાઓનું પાલન કરે છે. હું મારા ઘરમાં ચોક્કસ પરંપરાઓનું પાલન કરું છું. હું તેમનો અને તેમની સંસ્કૃતિનો આદર કરું છું. તેઓ મારો અને મારા આખા પરિવારનો આદર કરે છે. આવું જ હોવું જોઈએ. લગ્ન કરવાનો શ્રેષ્ઠ રસ્તો સ્પેશિયલ મેરેજ એક્ટ હતો, જેના હેઠળ મને એક હિન્દુ સ્ત્રી તરીકે મારો ધર્મ બદલવાની જરૂર નથી, અને એક મુસ્લિમ પુરુષ તરીકે તે મુસ્લિમ રહી શકે છે. અને પ્રેમમાં પડેલા બે લોકો લગ્નનું સુંદર બંધન ધરાવે છે.’

સોનાક્ષી સિંહાએ ખુલાસો કર્યો કે તેણે પહેલા તેની માતા પૂનમ સિંહા સાથે ઝહીર સાથેના તેના સંબંધો વિશે વાત કરી અને પછી તેની માતાએ તેને તેના પિતા સાથે વાત કરવા કહ્યું અને પછી શત્રુઘ્ન સિંહાની પ્રતિક્રિયા વિશે વાત કરતાં સોનાક્ષી સિંહાએ કહ્યું, ‘તેમણે કહ્યું, ‘તમે એક પુખ્ત સ્ત્રી છો, તે એક પુખ્ત પુરુષ છે, તમે બંને એકબીજાથી ખુશ છો, તે સૌથી મહત્વપૂર્ણ વાત છે.‘ તમે તમારો નિર્ણય લઈ લીધો છે, અને હું તમારી સાથે છું. આગળ વધો. હું તે વ્યક્તિને મળવા માંગુ છું.’

### એમ્બેસેડર કે પ્રિમિયર પદ્મીની પણ લકઝરી ગણાતી હતી

# લકઝરી નહી જરૂરિયાત ! ગુજરાત રાજ્યમાં કારધારકોની સંખ્યા ૧૫ વર્ષમાં ત્રણ ગણી વધી



(ગરવી તાકાત) અમદાવાદ તા.૨૮

ગુજરાત એ દેશના સમૃદ્ધ રાજયોમાં અવલ્લ નંબરે છે અને તે સમૃદ્ધિ હવે ઓટો કંપનીઓ માટે એક મોટી માર્કેટ બની રહી છે. એક સમયે સરકારી એમ્બેસેડર કે પછી ધનીકોની પદ્મીની પ્રિમીયમ પણ આકર્ષણ બની જતી હતી પણ આજે એકથી એક વૈભવી કાર ગુજરાતના માર્ગો પર દોડે છે અને કાર એક વખત લકઝરી ગણાતી હતી તે આજે આવશ્યકતા બની ગઈ છે.

જો તેઓ ભૂતકાળ તપાસો તો રાજયમાં દર એક લાખની વસ્તીએ ૪૨૫ કાર ૧૯૮૯-૯૦માં હતી અને ૩૪૧૯ ટુ વ્હીલર હતા. આજે દર એક લાખની વસતીએ ૬૩૧૮ લોકો પાસે કાર છે એટલે કે દર ૧૬માંથી એક વ્યક્તિ કારનો માલીક છે અને જે દર્શાવે છે કે ગુજરાતમાં કાર ધારકોની સંખ્યા બે દશકાથી થોડા વધુ સમયમાં ૨૦૦% વધી છે.

આ માટે ઓટો ઉદ્યોગ કહે છે કે, લોકોની નાણાકીય સદ્ધરતા વધી છે તથા અપેક્ષા અને જરૂરિયાત પણ વધી છે. આજે ગુજરાતમાં દર ત્રીજો વ્યક્તિ ટુવ્હીલર ધરાવે છે જે પણ પરિવાર દીઠ બે-ત્રણ ટુ વ્હીલર હોય તે અત્યંત સામાન્ય બની ગયુ છે.

ઓટો ક્ષેત્રમાં વધુને વધુ કંપનીઓ આવી છે અને વધુ બહેતર ટેકનોલોજીથી હવે ડ્રાઈવીંગ પણ સરળ બની ગયુ છે તો બીજી બાજુ લોકોની આવક વધી છે જેના કારણે તેઓની લોન માટેની પાત્રતા પણ વધી છે. બેંકો અને નાણાકીય સંસ્થાઓ પણ હવે વધુ સરળ રીતે વાહન સામે ધિરાણ આપવા લાગ્યા છે.

સતત વાહન ખરીદી જ નહી લોકોની રોકાણ ક્ષમતા પણ વધી છે તે મ્યુચ્યુઅલ ફંડથી શેરબજાર અને અન્ય રોકાણો દર્શાવે છે તો લોકો હવે રોજબરોજથી જીંદગીમાં પણ ખર્ચ વધારવા લાગ્યા છે અને હવે સમાજમાં એક વિશાળ વર્ગ પણ એવો થયો છે જેના ઘરે એકથી વધુ કાર પાર્ક થઈ હોય છે તે રાજયો નાના શહેરોમાં પણ જોવા મળી રહ્યા છે.

ગ્રામીણ ક્ષેત્રમાં કારથી લઈને એસયુવી અને મલ્ટી યુટીલીટી વ્હીકલ પણ જોવા મળે છે અને છેલ્લા પાંચ વર્ષમાં ગ્રામીણ ક્ષેત્રમાં પણ કાર-ટુવ્હીલરનું પ્રમાણ વધ્યુ છે અને ગ્રામીણ લોકો પણ વાહન ખરીદીમાં શહેરી લોકો જેમ પસંદગીના વાહન ખરીદતા ખચકાતા નથી. હવે ગ્રામીણ આવક ફકત કૃષી જ નહી અનેક રીતે વધી રહી છે.

જો કે વધતા જતા વાહનો સામે ટ્રાફીક નિષ્ણાંતો લાલબતી ધરે છે અને પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઘટતો ઉપયોગ અથવા છેલ્લા વિકાસ તરીકે ઉપયોગ એ પર્યાવરણ માર્ગ અકસ્માત અને ઈંધણ વપરાશ આ તમામ મોરચે મોટી અસર કરે છે.

પાર્કીંગની સમસ્યા, માર્ગો પર વધતી ભીડ આ તમામને કાર-ટુ વ્હીલરના વધતા જતા પ્રમાણ સાથે એડ્રેસ કરી શકાયા નથી.

### રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષ સ્થાને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU)નો તૃતીય પદવીદાન સમારોહ સંપન્ન

# સંવેદનશીલ ન્યાય પ્રણાલી ઉપર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનીએ:દ્રૌપદી મુર્મુ

**દેશમાં ફોરેન્સિક સાયન્સીસ આધારિત ઈકોસિસ્ટમ સુદ્રઢ કરવા મિશન મોડ પર કાર્ય થઈ રહ્યું છે**

**અપરાધો પર નિયંત્રણ, અપરાધીઓમાં સજાનો ભય તેમજ નાગરિકોને ઝડપી ન્યાય મળવાનો વિશ્વાસ એ જ સુશાસનની સાચી ઓળખ**

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (દ્ગ÷જીેં) નો ત્રીજો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે વિવિધ અભ્યાસક્રમોના કુલ ૧,૫૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં ૧૨ વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ઓફ ફિલોસોફી(ઁરઙ્ઘ), એક વિદ્યાર્થીને ડોક્ટરેટ ઓફ લો (ન્ન્ઙ્ઘ)ની તેમજ અન્ય વિદ્યાર્થીઓને ડીપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતક ડીપ્લોમાંની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સુવર્ણ ચંદ્રક પણ એનાયત કરાયા હતા.

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ગાંધીનગર સ્થિત દ્ગ÷જીેં અર્થાત રાષ્ટ્રીય ન્યાયાલયિક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના ત્રીજા દીક્ષાંત સમારોહમાં પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

તેમણે પદવી પ્રાપ્ત કરવામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સંવેદનશીલ ન્યાય પ્રણાલી પર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ.



અપરાધીઓનું નિયંત્રણ તેમજ છેવાડાના નાગરિકોને ઝડપી અને સુલભ ન્યાય મળે તે માટે ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની ભૂમિકા મહત્વની છે. દેશમાં ફોરેન્સિક સાયન્સીસ આધારિત ઈકોસીસ્ટમ સુદ્રઢ કરવા મિશન મોડ પર કાર્ય થઈ રહ્યુ છે. આ માટે ગૃહ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીને રાષ્ટ્રપતિશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા માટે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો સમુચિત ઉપયોગ કરવા અનુગ્રહ કર્યો હતો. નિષ્પક્ષ અને ત્વરિત ન્યાય આપનું લક્ષ્ય હોવું જોઈએ, તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પદવીદાન સમારોહમાં યુવા છાત્રોને પ્રેરણા આપતા કહ્યું કે, વિશ્વ નેતા અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગુજરાતમાં શરૂ કરાવવાના આગવા વિઝનથી આ સેક્ટરમાં યુવાશક્તિને નવા અવસરો અને નવી તકો આપી છે.

એમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી એવા દૂરદર્શી નેતા છે જે, ભવિષ્યમાં આવનારા પડકારોનો અને તેના સમાધાનનો વિચાર પહેલેથી જ કરી લે છે. તેમની આવી સૂઝના પરિપાકરૂપે ગુજરાતને વિશ્વની પ્રથમ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની ભેટ મળી છે, તેનું મુખ્યમંત્રીશ્રીએ ગૌરવ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં આ યુનિવર્સિટીએ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. એટલું જ નહીં, યુનિવર્સિટીની લોકપ્રિયતા અને ઉપયોગીતા દિવસેને દિવસે વધતી રહી છે. દેશના અન્ય રાજ્યો અને યુગાન્ડામાં યુનિવર્સિટીના પરિસર કાર્યરત છે.

આ ઉપરાંત ૧૪૭ જેટલા રૈંજ પણ અન્ય રાજ્ય સરકારોએ આ યુનિવર્સિટી સાથે કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશ આજે આઝાદીના અમૃતકાળના આ સફરમાં વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં મોટા બદલાવનો સાક્ષી બની રહ્યો છે.

આઝાદી પછી પહેલીવાર દંડ નહીં પરંતુ ન્યાય અપાવનારા કાયદાઓ, ભારતીય ન્યાય સંહિતા તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અમલી બન્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, પોલીસ, ફોરેન્સિક સાયન્સીસ અને જ્યુડીશરી ત્રણેય ન્યાય પ્રણાલીના અભિન્ન અંગ છે. આ માટે ફોરેન્સિક સાયન્સ સેક્ટરના દિક્ષિત યુવા છાત્રો પાસે અમૃતકાળમાં રાષ્ટ્ર સેવામાં યોગદાન આપવાના અસીમ અવસરો છે.

મુખ્યમંત્રીશ્રીએ ડિગ્રી મેળવી રહેલા ૧,૫૬૨ વિદ્યાર્થીઓ અને ૭૬ વિદેશી વિદ્યાર્થીઓને ઉજવળ વ્યવસાયિક કારકિર્દીની શુભકામનાઓ પાઠવી હતી.

## અમદાવાદમાં સરખેજમાં થયેલી હત્યામાં મોતનું કારણ પૈસો બન્યો!

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના સરખેજ વિસ્તારમાં મંગળવારે રાત્રે થયેલા હત્યા કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં બે આરોપીઓ હાલ ફરાર થયેલા છે. ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓમાંથી એક ગુનેગાર હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. અજાણ્યા શખ્સની શા માટે હત્યા કરવામાં આવી તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.બે દિવસ અગાઉ કેટલાક લોકોએ પૈસા લેતી વખતે એક યુવાનની હત્યા કરી દીધી હતી, જે હવે પોલીસે પકડી લીધો છે. ઘટનાની વિગત એવી છે કે મૃતક મુજામિલ વડગામા બપોરે કરિયાણાની દુકાનની બહાર બેઠો હતો. કેટલાક આરોપીઓએ તેનું અપહરણ કર્યું અને તેને સફીલાલાની દરગાહ પર લઈ ગયા. જ્યાં આરોપી ફૈઝલ પઠાણ, રબનવાઝ પઠાણ, મુખ્ત્યિાર ગૌરી અને અન્ય બે આરોપીઓએ મુજામિલને માર માર્યો હતો. મૃતકે આરોપી ફૈઝલ પઠાણ પાસેથી એક લાખ સાઠ હજાર રૂપિયા લીધા હતા.

જોકે, જ્યારે તે સમયસર ડિલિવરી ન કરી શક્યો, ત્યારે તેઓએ તેનું અપહરણ કર્યું અને તેને માર માર્યો. આરોપીએ તેને માર મારવા ઉપરાંત, મૃતકના મિત્ર સલમાનને પણ ફોન કર્યો જે મહારાષ્ટ્રમાં રહે છે અને તેને તેની પત્ની સાથે કોન્ફરન્સ કોલ પર વાત કરવા અને પૈસા આપવા કહ્યું. મૃતક મુઝમ્મિલ પર ઢોર દ્વારા હુમલો કરવામાં આવ્યા બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

# તમારી સાથે ગમે તેટલી છેતરપિંડી થઈ હોય છતાં કોઈપણ તમારાથી ભગવાનના આશીર્વાદ છીનવી શકશે નહીં.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો રાસલીલા એ ભાગવતનું ફળ છે. રાસલીલામાં સ્ત્રી અને પુરુષનું મિલન નથી, પણ પૂર્ણ પુરુષોત્તમ સાથે શુદ્ધ જીવનું આ મિલન છે.

હું પુરુષ છું.હું છું તે યાદ આવેત્યાં સુધી ગોપીભાવ જાગતો નથી ગોપીભાવ એ સર્વોચ્ચ ભાવ છે. ગોપીભાવમાં સ્ત્રીત્વ અને પુરુષ ત્વનું વિસ્મરણ છે. તન્મય એવા બનો કે દેહભાન રહે નહીં. સ્ત્રીત્વ અને પુરુષત્વનું સ્મરણ બુદ્ધિમાં હશે ત્યાં સુધી કામદેહમાં રહેલો છે, જ્યારે તે ભૂલાય ત્યારે ગોપીભાવ થાય છે.

ભક્તિમાર્ગમાં ભેદનો નાશ કરી અભેદ સિદ્ધ કરવામાં આવે છે. ભક્ત ભક્તિથી ભેદને નાશ કરી શ્રીકૃષ્ણ સાથે એક બને છે.

રાસલીલા ભાગવતનું મુખ્ય ફળ છે. પ્રથમ પૂતના એટલે વાસનાનો ક્ષય થાય છે, પછી તૃણાવર્તનો નાશ થાય છે, એટલે રજોગુણનો નાશ થાય છે અને જીવનમાં ખૂબ સાત્ત્વિકતા આવે છે. આમ જોકે એક એક ઈન્દ્રિયને ભક્તિરસથી પુષ્ટિ મળે છે. છેવટે દાવાગ્નિ શાંત થાય છે ત્યારે વેણુગીત સંભળાય છે.આ બધી રાસમાં જવાની તૈયારી છે. ઈશ્વરનું પ્રત્યક્ષ સ્વરૂપ નાદબ્રહ્મમાં તન્મયતા સિદ્ધ થાય એટલે પરબ્રહ્મ મળે છે.વેણુ ગીતમાં બ્રહ્મચારિણી ગોપીઓ સાથે રાસ છે.યજ્ઞ પત્નીઓના પ્રસંગમાં વિવાહિતા ગોપીઓ સાથે રાસ છે ગોવર્ધન લીલામાં વાનપ્રસ્થ ગોપી ઓ સાથે થશે.

એક વખત ગોપ બાળકોને કહ્યું, કનૈયા, અમને ભૂખ લાગી છે. કનૈયાએ ગોપ બાળકોને બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા ત્યાં મોકલ્યા,પણ બ્રાહ્મણોએ કંઈ ખાવા ન આપ્યું, પણ બ્રાહ્મણોની પત્નીઓ કનૈયા ને ઓળખતી હતી.તેઓ ભોજન સામગ્રી લઈ આવી પ્રભુએ એ યજ્ઞ પત્નીઓનો ઉદ્ધાર કર્યો. બ્રાહ્મણો રહી ગયા!માટે અન્નદાન ની કોઈને કદી ના કહેશો નહીં.હવે ગોવર્ધન લીલાનો આરંભ થાય છે. ગોવર્ધન લીલા પછી રાસ લીલા આવે છે.ગો એટલે મક્તિ,ગો એટલે જ્ઞાન. ગોવર્ધન લીલામાં જ્ઞાન અને ભક્તિ વધારવાના ઉપાયો બતાવ્યા છે. જ્ઞાન અને ભક્તિ વધે તેનો દેહાધ્યાસ છૂટે છે. જેનો દેહાધ્યાસ છૂટે તને રાસ લીલામાં પ્રવેશ મળે છે. જ્ઞાન અને ભક્તિને વધારવા ઘર છોડવું પડશે. ગોપ-ગોપીઓ ઘર છોડી ગિરિરાજમાં ગયા છે. ગૃહસ્થાશ્રમનું વાતાવરણ જ્ઞાન ભક્તિનું વિઘ્ન કરનારું છે એ સારું છે, પરંતુ ઘરને તીર્થ જેવું બનાવો એ ઉત્તમ છે. વૃત્તિ થોડી ઓછી કરી નિવૃત્તિ લો. નિવૃત્તિમાં નિવૃત્તિનો આનંદ આવવોજોઈએ નિવૃત્તિમાં આનંદ મળે તો પ્રવૃત્તિનું ચિંતન કરે છે.માટે નિવૃત્તિનો ભજનાનંદ મેળવવો હોય તો પ્રવૃત્તિનો-લૌકિક સુખનો વિષયા નંદ છોડવો જ પડશે. પ્રવૃત્તિધર્મ છોડ્યા વિના ભક્તિનો ઉદય થતો નથી.

ગો એટલે ઈન્દ્રિયો એવો અર્થ પણ થાય છે. ઈન્દ્રિયોની વૃદ્ધિ ત્યાગથી થાય છે, ભોગથી નહીં. ભોગના માર્ગમાંથી હટાવી ભક્તિ માર્ગ તરફ ઈન્દ્રિયોને વાળજો. ઈન્દ્ર એ ઈન્દ્રિયોના અધિપતિ દેવ છે. એટલે જીવ જયારે નિવૃત્તિ લઈ પ્રભુભજનમાં બેસે છે ત્યારે તે વિઘ્ન કરેછે.ઉપનિષદમાં વર્ણન આવે છે કે, જે કોઈ સતત બ્રહ્મ ચિંતન કરે તેના ચિંતનમાં વિઘ્ન ઈન્દ્ર કરે છે. એને સતત બીક રહે છે કે,આ ધ્યાનમાં આગળ વધશે તો અમારા માથા ઉપર પગ મૂકીને જશે.એટલે મનુષ્યના સત્કર્મમાં બીજા મનુષ્યો વિઘ્ન કરે છે તેમ સ્વર્ગના દેવો પણ પરમાત્માના ધ્યાનમાં વિઘ્ન કરે છે. જીવ સતત પરમાત્માનું ધ્યાન કરે તો સ્વર્ગના દેવો કરતાં પણ તે શ્રેષ્ઠ બને છે, તેથી દેવો વિઘ્ન કરે છે તે વખતે મારા ગોવર્ધનનાથનો આશ્રય લેજો.

ગોવર્ધનલીલા રાસ લીલા ઉપોદ્ઘાત છે. ગોવર્ધનલીલામાં પૂજ્ય અને પૂજક એક બને છે.

પૂજા કરનાર શ્રીકૃષ્ણ છે. જેની પૂજા થાય છે તે પણ શ્રીકૃષ્ણ છે. ભગવાન પોતે ગિરિરાજમાં પ્રવેશ કરે છે. પૂજ્ય અને પૂજક એક ન બને ત્યાં સુધી આનંદ આવતો નથી આ અદ્વૈતનું પ્રથમ પગથિયું છે રાસલીલા એ ફળ છે. ગોવર્ધન લીલા જ્ઞાન અને ભક્તિને વધાર નારી લીલા છે.જ્ઞાન અને ભક્તિ વધે છે, ત્યારે રાસલીલામાં પ્રવેશ મળે છે જ્ઞાન અને ભક્તિ વધે છે ત્યારે ઈન્દ્રિયો વાસનાનો વરસાદ વરસાવે છે.

પૂજ્ય અને પૂજક, સેવ્ય અને સેવક એક બને ત્યારે બરાબર સેવા થઈ શકે. પરમાત્મા સમાન પવિત્ર થયા વિના પ્રભુ પૂજાનો અધિકાર મળતો નથી,તેથીશાસ્ત્રો માં અંગન્યાસ, કરન્યાસ કરવાનો વિધિ છે.દિવાળીના દિવસે ગોવર્ધન પૂજા કરવાનો વિધિ છે, કારણ પાછલાં બધાં દુઃખો ભૂલ્યા વિના વેર જતું નથી અને વેર ન જાય ત્યાં સુધી પૂજા થતી નથી. ગોવર્ધનપૂજા વખતે ભગવાન શ્રીકૃષ્ણની ઉંમર સાત વર્ષની હતી.દર વર્ષે નંદબાબા ઈન્દ્ર નો યશ કરતા.આ વખતે પણ તેઓ ઈન્દ્રનાથ શાની તૈયારી કરે છે ત્યારે કનૈયો પૂછે છે, બાબા, આ શાની તૈયારી થાય છે?નંદબાબા સમજાવે છે કે, ઈન્દ્ર વરસાદ વરસાવે છે, એથી ગાયો માટે ખડ થાય છે. આપણા માટે અનાજ થાય છે.ઈન્દ્રએ આપણો ઈશ્વર છે.એટલે ઈન્દ્રને રાજી કરવા આ યજ્ઞ કરીએ છીએ કનૈયો કહે છે, ઊહું,આ મારા ગોવર્ધનનાથ ઈન્દ્ર નો પણ ઈન્દ્ર છે.ચાર દિશાના ચાર દેવ છે.પૂર્વમાં જગન્નાથજી, દક્ષિણમાં રામેશ્વરજી,પશ્ચિમમાં દ્વારિકાનાથજી અને ઉત્તરમાં બદરિનાથજી છે પણ એ ચારેની વચમાં મારો ગોવર્ધનનાથ બેઠો છે મારો ગોવર્ધનનાથ સર્વનો માલિક એટલે મધ્યમાં બેઠેલા છે.તે સર્વ થી શ્રેષ્ઠ છે. બાબા,તમે આની પૂજા કરો!

વળી શ્રીકૃષ્ણ કહે છે, તમે ઘણા વખતથી ઈન્દ્રની પૂજા કરો છો, પણ ઈન્દ્ર દર્શન આપતા નથી. તેથી લાગે છે કે,ઈન્દ્ર કાંઈક અભિમાની છે.ઈન્દ્ર દર્શન દેતા નથી પણ પિતાજી,આપણો આ ગોવર્ધન પર્વત તો આપણો પ્રત્યક્ષ દેવ છે. માટે ગોવર્ધનનાથ સૂક્ષ્મ રીતે આમાં બિરાજેલો છે. એ આપણાં બધાંનું રક્ષણ કરે છે. બાબા, એ તો જીવતી જાગતી જ્યોત છે. બાબા, તમે ગોવર્ધનની પૂજા કરો!મારા ગોવર્ધનનાથ બધાંને દર્શન આપશે!

આજે ઈન્દ્રનો ગર્વ ઉતારવાનો શ્રી કૃષ્ણે નિર્ણય કરેલો તેથી શ્રી કૃષ્ણ બધાંને સમજાવે છે કે,આ વર્ષે ઈન્દ્રદેવની પૂજા કરવાને બદલે મારા ગોવર્ધનની પૂજા કરીએ.

બધાં ગોવર્ધનનાથની પૂજા કરવા તૈયાર થાય છે.કનૈયો કહે, બાબા, મારે ગરીબોને ખવડાવવું છે.તે માટે અન્નકૂટ કરવો છે.

શ્રીકૃષ્ણ દરેકને પોતપોતાને ઘરેથી ભાતભાતની સામગ્રી લાવવા કહે છે. દરેકના ઘરેથી અન્ન મંગાવ્યું. જેના ઘરની સામગ્રી નહીં આવે તેને ઘરે અન્નપૂર્ણા પધારશે નહીં.

વ્રજવાસીઓને અતિશય આનંદ થયો. કનૈયાએ કહેલું કે બેસતા વર્ષે મારે ગોવર્ધનનાથની પૂજા કરવી છે. વ્રજવાસીઓ બધા ગોવર્ધનનાથ પાસે આવ્યા.જુદા જુદા પ્રકારની સામગ્રીઓગાડાંઓ માં ભરીને સાથે લાવ્યા.બ્રાહ્મણો વેદમંત્રો બોલે છે. આજે ભગવાન શ્રીકૃષ્ણ પૂજા કરે છે.પ્રથમ ગોવર્ધનનાથનો અભિષેક કરવા ગોપ બાળકોને જમુનાનું જળ લાવવાનું કહે છે.ગોપ બાળકો થોડું જળ લાવી થાકી જાય છે.તેઓ કનૈયા ને કહે,કનૈયા જમુનાજી દૂર છે. તારો દેવ તો મોટો લાંબો પહોળો છે.અમે તેને ક્યારે નવડાવી રહીશું?શ્રીકૃષ્ણ ગોપ બાળકોને કહે છે,મારો ગોવર્ધનનાથ બહુ જ દયાળુ છે.હમણાં જ તેમાંથી નદીનો પ્રવાહ નીકળશે એટલે આપણે એ જળથી અભિષેક કરી લઈશું.

કનૈયો ગોવર્ધનનાથને પ્રાર્થના કરે છે,હે ગોવર્ધનનાથ,તમારાં ચરણો માં ગંગા-જમુના સર્વ રહેલાં છે. કૃપા કરો તે જ સમયે ગિરિરાજ માંથી ગંગાજી પ્રગટ થયાં છે, જેને લોકો માનસીગંગા કહે છે.માનસી ગંગાનાં જળથી ગોવર્ધનનાથનો અભિષેક થયો છે.તે પછી કનૈયો ગિરિરાજનો શણગાર કરે છે

વ્રજવાસીઓ તે પછી ચંદનની અર્ચા લાવ્યા છે.કનૈયો કહે છે, આ શિયાળાનો દિવસ છે.ચંદનની અર્ચા કરો તો મારા ભગવાનને પરિશ્રમ થાય! બાળકો કહે,તો કંકુનું તિલક કરીએ? કનૈયો કહે, કંકુનું તિલક કરો તો ચાલે,પણ નાકમાં કંકુ જાય અને ઠાકોરજીને છીંક આવે.માટે દહીંનું તિલક કરો.

સેવા કરો ત્યારે આ જડમૂર્તિ છે એમ ન માનો.આ સાક્ષાત્ પરમાત્મા છે તેમ માનો.તમે તમારા દેહમાં જેવો પ્રેમ રાખો છો તેવો ભગવાન ભક્તિમાં રાખો.

વાચક ચાહક મિત્રો,ગઈકાલથી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ ત્યારે સૌને શુભકામના ઓ પાઠવું છું.

## કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન ગુજરાતમાં થશે અને પીએમ મોદીની માર્ચ મહિનામાં ગુજરાતની બે વિઝિટ ગોઠવાઈ

# માર્ચ મહિનામાં ગુજરાતના રાજકારણમાં કંઈક મોટું થશે! ગુજરાતમાં થશે રાજકીય મહાકુંભ

### મહાકુંભ મેળો પૂરો થયો, તો હવે ગુજરાતમાં રાજકીય મેળો શરૂ થશે... આવનારા ૧૦ દિવસમાં દિલ્હીનું ફોકસ ગુજરાત રહેશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

માર્ચ મહિનામાં ગુજરાત ફરી રાજકારણનું ફોકસ બનવાનું છે. કારણ કે માર્ચ મહિનામાં ગુજરાતના રાજકારણમાં મોટી મોટી ઘટનાઓ બનવાની છે. માર્ચ મહિનામાં એક પછી એક એવું થશે કે ગુજરાતની ચર્ચા ફરી થશે. મહાકુંભ મેળો પૂરો થયો, તો હવે ગુજરાતમાં રાજકીય મેળો થવાનો છે. એક તરફ કોંગ્રેસે ગુજરાતને મહત્વ આપવાનું શરૂ કર્યુ છે. ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાનારું છે. તો માર્ચ મહિનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે વાર ગુજરાતની વિઝિટ કરવાના છે.


માર્ચ મહિનો ગુજરાતમાં રાજકીય મહાકુંભ થવાનો છે. ત્યારે ગુજરાતની ભૂમિ પર ફરી એકવાર રાજકીય માહોલમાં ગરમાવો આવવાનો છે. ગુજરાતમાં આગામી દિવસોમાં જાણે રાજકીય મેળાવડો જામવાનો હોય, ભાજપ અને કોંગ્રેસના નેતાઓ દિલ્હીથી ગુજરાતમાં ધામા નાંખશે. ત્યારે હવે જોવું રહ્યું કે, ગુજરાતની ભૂમિ પરથી હવે કેવું રણશીંગું ફૂંકાવાનું છે. બિહાર અને પશ્ચિમ બંગાળની ચૂંટણી આવી રહી છે, ત્યારે તેના લેખાજોખા ગુજરાતથી થશે તેવું લાગી રહ્યું છે. બીજી તરફ, કોંગ્રેસની રણનીતિ પણ સાવ નવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હાર બાદ કોંગ્રેસ ડબલ જોશમાં હોય તેવું લાગી રહ્યું છે. હાલ પાર્ટી ગુજરાતમાં રાષ્ટ્રીય અધિવેશનની તૈયારી કરી રહી છે.



હાલ વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. માર્ચ મહિનામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ચ મહિનામાં પ્રથમ સપ્તાહમાં બે પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે. એટલે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માર્ચ મહિનામાં બે વાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. હાલ પ્રધાનમંત્રી મોદીના પ્રવાસની તડામાર તૈયારી ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહિનાની શરૂઆતમાં ૨ માર્ચ અને ૩ માર્ચ તેમજ ત્યાર બાદ ૬થી ૮ માર્ચ ગુજરાતના પ્રવાસે આવી શકે છે. ગુજરાતના માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહમાં પ્રધાનમંત્રી મોદી સૌરાષ્ટ્રના જૂનાગઢ જ્યારે સપ્તાહના અંતમાં દક્ષિણ ગુજરાતમાં પ્રવાસનું આયોજન થઈ રહ્યું છે.

દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વધુ એક વખત ગુજરાતની મુલાકાતે આવશે. ગૃહમંત્રી અમિત શાહ આગામી ૧-૨ માર્ચે ગુજરાતના પ્રવાસે આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી તેમના આ ગુજરાત પ્રવાસ દરમિયાન અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ અમિત શાહ થોડા દિવસ પહેલા જ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને વિવિધ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ કર્યુ હતું.પાર્ટીએ ૬૪ વર્ષ બાદ ગુજરાતમાં કોંગ્રેસ અધિવેશનની યોજના બનાવી છે. એપ્રિલમાં આ કાર્યક્રમથી વિધાનસભા ચૂંટણીની તૈયારી ઔપચારિક રૂપથી શરૂ થઈ જશે. આશરે ૩૦ વર્ષથી ગુજરાતમાં કોંગ્રેસ સત્તામાંથી બહાર છે. તેણે અનેક વખત પ્રયાસો કર્યા પરંતુ પાર્ટીને માત્ર નિષ્ફળતા મળી છે. તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી પણ કોંગ્રેસ માટે નિરાશાજનક રહી હતી. હવે કોંગ્રેસ મિશન ૨૦૨૭ માટે અત્યારથી ચૂંટણી મોડમાં એક્ટિવ થવા ઈચ્છે છે. આ પહેલા ૧૯૬૧માં કોંગ્રેસનું અધિવેશન ભાવનગરમાં યોજાયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહ રાજ્ય હોવાને કારણે ગુજરાતમાં દરેક ચૂંટણી મહત્વપૂર્ણ હોય છે. દેશભરમાં તેની ચર્ચા થાય છે. તેવામાં કોંગ્રેસને લાગે છે કે મનોવૈજ્ઞાનિક રીતે લીડ મેળવવી છે તો ભાજપને ગુજરાતમાં હરાવવું પડશે.

## બનાસકાંઠામાં નર્મદા કેનાલનું પાણી ૩૦ એપ્રિલ સુધી ચાલુ રાખવા કિસાન કોંગ્રેસની અપીલ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૮

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારમાં નર્મદા નિગમે ૧૫ માર્ચથી સિંચાઈ માટે પાણી બંધ કરવાની નોટિસ બહાર પાડી છે.

આ નોટિસ વાયરલ થતાં જિલ્લા કોંગ્રેસ કિસાન સમિતિના ચેરમેન ઠાકરશીભાઈ રબારીએ સરકારને અપીલ કરી છે.

તેમણે માંગ કરી છે કે નર્મદા નિગમ ૧૫ માર્ચને બદલે ૩૦ એપ્રિલ સુધી પાણી ચાલુ રાખે. રબારીએ જણાવ્યું કે નોટિસમાં બકનળીઓ કાપવાની વાત કરવામાં આવી છે. તેમના મતે, ઉદ્યોગો માટે જતા પાણીને કાપવાની જરૂર છે, નહીં કે ખેડૂતોની બકનળીઓને.

હાલ રવિ સિઝનમાં ખેડૂતોના રાયડા સહિતના પાકો ઊભા છે. ખેડૂતો ખેતરોમાં રહે છે અને પશુઓ માટે પણ પાણીની ખૂબ જરૂર છે. આ કારણે સ્થાનિક આગેવાનોએ મુખ્યમંત્રી અને નર્મદા નિગમને પાણી ચાલુ રાખવા અપીલ કરી છે.

### ધો.૧૨ સામાન્ય પ્રવાહના તત્વજ્ઞાન (૧૩૬) વિષયમાં કુલ ૭૩૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં બોર્ડની પરીક્ષાના દ્વીતીય દિવસે ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહના તત્વજ્ઞાન (૧૩૬) વિષયમાં કુલ ૭૪૪૧ વિધ્યાર્થીઓ પૈકી ૭૩૨૧ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જ્યારે ૧૨૦ વિધ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.જે પૈકી ૫૦ દિવ્યાંગ વિધ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં ગુજરાતી માધ્યમમાં કુલ ૭૨૯૪ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કૃષિ વિધ્યા (૦૬૦) વિષયમાં કુલ ૫૧ વિધ્યાર્થીઓ પૈકી ૫૦ વિધ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જેમાં એક વિધ્યાર્થી ગેરહાજર રહ્યો હતો. એમ જિલ્લા શિક્ષણાધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## થરાદ-વાવ હાઈવે પર ટ્રાફિક કાયમી સમસ્યા

# સર્વિસ રોડ પર આડેધડ પાર્કિંગથી જામ થતા સ્થાનિકો સહિત નજીકની હોસ્પિટલનાં દર્દીઓને પણ મુશ્કેલી

(ગરવી તાકાત) થરાદ તા.૨૮

થરાદ-વાવ હાઈવે પર ગંભીર સમસ્યા સર્જાઈ છે. ફોર લેન હાઈવેના સર્વિસ રોડ પર આડેધડ વાહન પાર્કિંગના કારણે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સર્વિસ રોડ પર પેસેન્જર વાહનો અને અન્ય ગાડીઓનું આડેધડ પાર્કિંગ કરવામાં આવે છે. આના કારણે રાહદારીઓને ચાલવામાં ભારે મુશ્કેલી પડે છે. એક તરફ ટ્રાફિકની સમસ્યા છે, તો બીજી તરફ વાહન ચાલકો પોતાના વાહનો પાર્ક કરીને જતા રહે છે.વિશેષ ચિંતાનો વિષય એ છે કે નજીકમાં રેફરલ હોસ્પિટલ આવેલી છે. ઈમરજન્સી સમયે દર્દીઓને



લઈને આવતા વાહનોને પણ આ આડેધડ પાર્કિંગના કારણે મુશ્કેલી પડે છે. સ્થાનિક લોકોએ માગ કરી છે કે, ટ્રાફિક પોલીસે આવા નિયમભંગ કરનારા વાહન ચાલકો સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવી જોઈએ. આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવું જરૂરી બન્યું છે.

## અંબાજી ગબ્બર રોપ-વે ૩થી ૮ માર્ચ સુધી બંધ

# વાર્ષિક મેન્ટેનન્સ દરમિયાન ભક્તો પગથિયાં દ્વારા કરી શકશે દર્શન



(ગરવી તાકાત) અંબાજી તા.૨૮

શકિતપીઠ અંબાજી ખાતે આગામી ૩ માર્ચથી ૮ માર્ચ ૨૦૨૫ સુધી ગબ્બર પર્વત પરનો રોપ-વે બંધ રહેશે. વાર્ષિક મેન્ટેનન્સ કામગીરીને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

દેશ-વિદેશમાં વિખ્યાત એવા માં અંબાના ધામમાં દરરોજ હજારો ભક્તો દર્શનાર્થે આવે છે. મુખ્ય મંદિરના દર્શન બાદ મોટાભાગના ભક્તો ગબ્બર પર્વત પર બિરાજમાન માં અંબાની અખંડ જ્યોતના દર્શન કરવા જાય છે.

રોપ-વેનો વધુ ઉપયોગ થવાથી તેનો ઘસારો થાય છે. યાત્રીકોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને આ મેન્ટેનન્સ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

મેન્ટેનન્સ કામગીરી પૂર્ણ થયા બાદ ૯ માર્ચ ૨૦૨૫થી રોપ-વે સેવા પુનઃ શરૂ થશે. આ છ દિવસ દરમિયાન ભક્તો પગથિયાં દ્વારા ગબ્બર પર્વત પર જઈને માતાજીના દર્શન કરી શકશે.

# મહેસાણા ધોબીઘાટ વિસ્તારમાં આવેલ ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતેથી સ્થાનિકોએ પ્રાકૃતિક ખેત પેદાશોની ખરીદી કરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા શહેરમાં ધોબીઘાટ વિસ્તારમાં આવેલ ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે દર ગુરુવારે પ્રાકૃતિક ખેત પેદાશોનું બજાર ભરાય છે. જેમાં સ્થાનિકો સાંજે ત્રણ થી સાત વાગ્યા સુધી જિલ્લાના વિવિધ સ્થળોએ થી આવેલા ખેડૂતોના પ્રાકૃતિક શાકભાજી અને ફળો તેમજ અન્ય પ્રાકૃતિક પેદાશોનું વેચાણ કરે છે.

ગતરોજ આત્મા કચેરી દ્વારા અહીં ખેડૂતોને પ્રાકૃતિક શાકભાજી તેમજ ફળફળાદી આપવા માટે સાંજે ત્રણ થી સાત વાગ્યા સુધીમાં આ ખેડૂતોએ અંદાજે ૪૦,૦૦૦ રૂપિયા જેટલું વેચાણ કર્યું હતું સ્થાનિક લોકોએ આ માર્કેટમાંથી દ્રાક્ષ, પાલક ,મોસંબી, સૂકી ડુંગળી, કેપ્સીકમ મરચા, પાપડી



,મકાઈ, લસણ તેમજ અન્ય શાકભાજી અને ફળફળાદીઓની ખરીદી કરી હતી. આત્મ પ્રોજેક્ટના અધિકારીશ્રી તપનભાઈ જણાવે છે એમ મહેસાણા ધોબીઘાટ ખાતે આવેલા ખેડૂત તાલીમ કેન્દ્ર સિવાય અન્ય તાલુકાઓમાં પણ આવા પ્રાકૃતિક પેદાસના વેચાણ કેન્દ્રો ધીરે ધીરે શરૂ કરવાના છીએ.

ઉલીખનીય છે કે મહેસાણા જિલ્લામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. તેમના ઉત્પાદનો માટે યોગ્ય ભાવ મળે તે માટે મહેસાણાની "આત્મા" દ્વારા દર ગુરુવારે પ્રાકૃતિક બજારનું આયોજન કરવામાં આવે છે જ્યાં ખેડૂતો તેમના શાકભાજી અને અન્ય પ્રાકૃતિક પેદાશોનું વેચાણ કરી શકે છે. મહેસાણામાં પ્રાકૃતિક ખેતી કરતા કેટલાક ખેડૂતો નિયમિતપણે આ બજારમાં ભાગ લે છે અને સારી કમાણી કરે છે.

આ બજારમાં દર ગુરુવારે ખેડૂતો પોતાની ખેત પેદાશો વેચવા માટે આવે છે. આ દિવસે અંદાજે રૂ.૫૦ હજારની આસપાસનું શાકભાજી અને અન્ય ચીજવસ્તુઓનું વેચાણ થાય છે.

મહેસાણા શહેરના કેટલાક રહીશો નિયમિત રીતે અહીં થી ખરીદી કરે છે.ઉલ્લેખનીય છે કે જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ આ પ્રકારના વેચાણ કેન્દ્રો શરૂ કરવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે.

## હિંમતનગર ખાતે જિલ્લા પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક ચેરપર્સન કું.કૌશલ્યા કુંવરબાની અધ્યક્ષતામાં યોજાઇ

# આરોગ્ય વિભાગ દ્વારા ઇડરની લક્ષ્મી વુમન્સ હોસ્પીટલમાં ગેરકાયદેસર ગર્ભલીંગ પરીક્ષણ સામે કરવામાં આવેલ કામગીરીને બીરદાવી

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીના ચેરપર્સનશ્રી કું કૌશલ્યા કુંવરબાની અધ્યક્ષતા તેમજ મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી રાજ સુતરીયાની ઉપસ્થિતિમાં આરોગ્ય શાખા જિલ્લા પંચાયત હિંમતનગર ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચાર સોનોગ્રાફિ રજીસ્ટ્રેશન રીન્યુઅલની દરખાસ્તનો નિર્ણય કરવામાં આવ્યો હતો.



આ બેઠકમાં ચેરપર્સનશ્રી કુ કૌશલ્યા કુંવરબાએ છેલ્લા પાંચ માસના અથાગ પ્રયાસોના પરીણામે આરોગ્ય વિભાગ દ્વારા ઈડરની લક્ષ્મી વુમન્સ હોસ્પીટલમાં ગેરકાયદેસર ગર્ભલીંગ પરીક્ષણ સામે કરવામાં આવેલ કામગીરીને બીરદાવી હતી. આ સાથે ગર્ભ પરીક્ષણ કરતા સોનોગ્રાફી લાયસન્સ ધારક ગાયનેક ડૉક્ટરો સામે લાલ આંખ કરી હતી. જિલ્લામાં જાતિપ્રમાણ વધે તે માટે પીસી એન્ડ પીએન ડીટી કમિટી થકી વધુ ને વધુ અવનવા પ્રયત્નો થાય તે ઉપર ભાર મૂક્યો હતો.

વધુમાં તેમણે જણાવ્યું હતુ કે જિલ્લામાં જાતિ પ્રમાણ વધે તે માટે પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટી દ્વારા વધુમાં વધુ જાગૃતિ માટે પ્રયાસો થાય તે અપેક્ષિત છે.આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### પાલનપુરના સલ્લામાં પ્રાકૃતિક ખેતી માર્ગદર્શન જીવામૃત-બીજામૃત બનાવવાની રીત સહિત વિવિધ યોજનાઓની માહિતી અપાઈ



(ગરવી તાકાત) પાલનપુર તા.૨૮

પાલનપુર તાલુકાના સલ્લા ગામે ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડ દ્વારા જિલ્લા કક્ષાની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રાકૃતિક ખેતીના નિષ્ણાતો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શિબિરમાં પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત ભીખાભાઈ ભૂટકા અને ભીખાભાઈ ગોળ, વિસ્તરણ અધિકારી વિપુલભાઈ, બટાકા સંશોધન કેન્દ્રના નિવૃત્ત વૈજ્ઞાનિક નટુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આત્મા પ્રોજેક્ટના બીટીએમ ભરતભાઈ ડાભી અને એટીએમ ઉદયભાઈ દલવાડીયાએ પણ માર્ગદર્શન આપ્યું હતું.

### ભારતનું વિકાસ મોડેલ દક્ષિણ આફ્રિકા માટે આદર્શ છે, મુખ્ય આર્થિક સલાહકાર

નવીદિલ્હી,તા.૨૮

ભારતના મુખ્ય આર્થિક સલાહકાર ડૉ. અનંત નાગેશ્વરને જોહાનિસબર્ગમાં એક સેમિનારમાં જણાવ્યું હતું કે ભારતનો વિકાસ અનુભવ અન્ય દેશો માટે એક મોડેલ બની શકે છે. આ સેમિનારનું આયોજન ભારતીય હાઈ કમિશન, કોન્સ્યુલેટ જનરલ અને સીઆઈઆઈ ઈન્ડિયા બિઝનેસ ફોરમ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં દક્ષિણ આફ્રિકામાં રોકાણ કરતી ૧૫૦ થી વધુ ભારતીય કંપનીઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

નાગેશ્વરને કહ્યું કે ભારત સૌથી વધુ વસ્તી ધરાવતો લોકશાહી દેશ છે, જે પોતાને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. તેથી, ભારતનો અનુભવ અન્ય દેશો માટે એક મોડેલ બની શકે છે. ભારત આગામી ૨૫ વર્ષમાં ૩ ટ્રિલિયન ડોલરથી વધીને ૧૩ ટ્રિલિયન ડોલર થવાના માર્ગ પર છે.

નાગેશ્વરને એમ પણ કહ્યું કે આજના વિશ્વમાં દેશો વચ્ચે ભાગીદારીનું મહત્વ પહેલા કરતા વધુ વધી ગયું છે. તેમણે કહ્યું કે આપણે અજ્ઞેયવાદી અને ખુલ્લા મનના બનવાની જરૂર છે, કારણ કે વિશ્વ હાલમાં ઉથલપાથલના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. નાગેશ્વરને ભારતના વિકાસ માટે સરકારના પ્રયાસો, જેમ કે માળખાગત સુવિધાઓનું નિર્માણ, શાસનમાં સુધારો અને શિક્ષણ અને કૌશલ્યમાં રોકાણ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે આ પ્રયાસો સાથે, ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધશે.

### લોકો ઇચ્છતા હતા કે કોંગ્રેસ જીતે, અમારી પાર્ટીમાં ખામીઓ હતી, કુમારી શૈલજા



ફતેહાબાદ,તા.૨૮

સિરસાથી કોંગ્રેસના સાંસદ કુમારી શૈલજાએ કહ્યું કે લોકો ઈચ્છતા હતા કે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ જીતે, કાર્યકરોએ પણ સખત મહેનત કરી, પરંતુ તેમ છતાં કોંગ્રેસ હારી ગઈ. પાર્ટીમાં ઘણી ખામીઓ રહી છે. આ ખામીઓ દૂર થશે, તો જ વસ્તુઓ આગળ વધશે. પાર્ટી ક્યાં ખામીઓ છે અને કોણ જવાબદાર છે તે શોધી રહી છે.

સાંસદે ફતેહાબાદ પ્રેસ ક્લબ દ્વારા આયોજિત કાર્યક્રમમાં હાજરી આપી હતી. કુમારી શૈલજાએ કહ્યું કે સિરસા લોકસભા મતવિસ્તારના લોકોએ તેમને ફરીથી તક આપી. કારણ કે તે હંમેશા લોકોના સંપર્કમાં રહેતા હતા. તેમણે કહ્યું કે વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને જે અપેક્ષાઓ હતી તે પૂર્ણ થઈ નથી. જનતા ઈચ્છતી હતી કે કોંગ્રેસની સરકાર બને, એવું પણ લાગતું હતું, પરંતુ ભાજપ સરકાર બનાવવામાં સફળ રહ્યું. કેટલાક આપણા કારણે હતા, કેટલાક બીજા પક્ષના કારણે પણ હતા. એ વાત ચોક્કસ સાચી છે કે જનતા ઈચ્છતી હતી કે કોંગ્રેસની સરકાર બને. પક્ષમાં સંગઠનનો પણ અભાવ છે, આ વાતને નકારી શકાય નહીં.

તેણીએ કહ્યું કે ડ્રગ્સના દુરુપયોગ પર રોક લગાવવી જોઈએ અને તે શરૂઆતથી જ આ માટે અવાજ ઉઠાવી રહી છે. વહીવટીતંત્રે નાની માછલીઓ નહીં પણ મોટી માછલીઓ પકડવી જોઈએ. જો ડ્રગ્સનું વ્યસન બંધ થશે, તો ગુના પણ બંધ થશે. ઘગ્ગરના મુદા પર કુમારી શેલજાએ કહ્યું કે તાજેતરની દિલ્હી ચૂંટણીમાં યમુના પ્રદૂષણ એક મુદ્દો બની ગયો હતો. હરિયાણા સરકારે એ જોવું પડશે કે ઉત્તર હરિયાણાથી અહીં સુધી વહેતી નદી નાળામાં ફેરવાઈ જાય. આ આપણી ખાદ્ય શૃંખલા અને સ્વાસ્થ્યને અસર કરી રહ્યું છે. આ તમારી કે મારી ચિંતા નહીં પણ સરકારની ચિંતા હોવી જોઈએ. આ પહેલા ધારાસભ્ય બલવાન સિંહ દૌલતપુરિયા, ટોહાના ધારાસભ્ય પરમવીર સિંહ, કોંગ્રેસના રાજ્ય પ્રતિનિધિ અરવિંદ શર્મા અને અન્ય ઘણા કોંગ્રેસ નેતાઓ પણ પહોંચ્યા હતા. ક્લબના પ્રમુખ વિજય મહેતા અને સભ્યોએ તેમનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું.

Volume : 10 Issue : 328 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002